No. of Printed Pages : 5 **BGULA-135**

# B.A. General

## Term-End Examination

## June, 2023

### BGULA-135 : Modern Indian Language : GUJARATI

*Duration : 3 Hours* *Maximum Marks: 100*

છાપવામાં આવેલ પૃષ્ઠોની સંખ્યા : 5 **BGULA-135**

## બી.એ. સામાન્ય (BAG)

## ટર્મ–એન્ડ એકઝામિનેશન (સત્રાંત પરીક્ષા)

## જૂન – 2023

### BGULA-135 : આધુનિક ભારતીય ભાષા : ગુજરાતી

સમય : *3* કલાક મહત્તમ અંક : 100

---

**નોંધ :** 1. બધા સવાલો જરૂરી છે.

2. બધા સવાલોના જવાબ આપવા જરૂરી છે.

---

1. (a) ભારતીય આર્યની ત્રણ ભૂમિકા જણાવો. 5

(b) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો. 5

(અ) 'હાથ' શબ્દ સંસ્કૃતના કયા શબ્દમાંથી આવ્યો છે?

(બ) 'ગુજરાતી ભાષા' એનો શબ્દપ્રયોગ સૌ પ્રથમ કોણે કર્યો?

(ક) ઝરમર, ઠકઠક : શબ્દોનો પ્રકાર કહો.

(ડ) ગુજરાતી ભાષાનું શબ્દ ભંડોળ કયા પ્રકારના શબ્દોનું બનેલું છે?

(ઈ) મહાવીર અને બુદ્ધે કઈ ભાષામાં ઉપદેશ આપ્યો હતો?

2. નીચેનામાંથી કોઈ બે વિશે લખો. 10

(a) મધ્યકાળના જ્ઞાનમાર્ગી કવિઓ (કોઈ બે)

(b) ઉમાશંકરની કવિતા (કોઈપણ સ્વરૂપ)

(c) મેઘાણીનું લોકસાહિત્ય ક્ષેત્રે કાર્ય (કોઈ બે કૃતિ)

3. નીચેનામાંથી કોઈ બે વિશે લખો. 10

(a) પંડિત યુગના લક્ષણો

(b) કાન્તનાં ખંડકાવ્યોનો પરિચય

(c) કાલેકરની સાહિત્ય સેવા

4. નીચેનામાંથી કોઈ બે વિશે લખો. 10

(a) ગુજરાતી ભાષાનું શબ્દ ભંડોળ

(b) મધ્યકાલીન સાહિત્યની વિશેષતાઓ

(c) વાકયના પ્રકારો

5. કોઈ એક નિબંધ લખો. 10

(a) યાંત્રિકરણના ગેરફાયદા

(b) જીવનમાં શિષ્તનું મહત્ત્વ

(c) બા : ઉત્તમ તીર્થ

6. તમે ઘર બદલ્યું છે. એલ.આઈ.સી.ની ઓફિસમાં તમારા નવા નિવાસ સ્થાનની નોંધણી કરાવવા માટે યોગ્ય અધિકારીને અરજી કરો. 5

7. નીચેના ગદ્યખંડનો સંક્ષેપ કરો 5

આજનું શિક્ષણ માત્ર સ્મૃતિનો ઉછેર કરે છે. આપણે જીવતા માણસોને સ્મૃતિનાં યંત્રો બનાવીએ છીએ. હકીકતો અને અભિપ્રાયોને ધારણ કરનારાં સામાન્ય પ્રાણીઓની આપણે નીપજ કરવી છે અને સમય આવ્યે એમનો ઉપયોગ કરવો છે. આપણે ધર્મ, માન્યતા અને પરંપરાથી ગૃહિત માણસો પેદા કરીએ છીએ.

મને એવું જણાય છે કે સાચું શિક્ષણ આ બધા સંસ્કાર ગ્રહણોની પેલે પારથી શરૂ થાય છે, જયાં માણસ વિચારવાની સાચી પ્રક્રિયા સમજે છે. આ સંસ્કાર ગ્રહણોને ઓળંગી જવાના તમારા પુરુષાર્થમાં સમાજ તમને કશી મદદ કરી શકે તેમ નથી, સમાજને પરંપરા નિભાવવા સાધારણ માણસોની જરૂર છે. આવા સમાજ સામે તમારે બળવો પોકારવો પડશે.

જ્ઞાન તમારા અનુભવને ગ્રહિત બનાવે છે. તમારે તથ્ય જાણવું હશે તો જ્ઞાનના વસ્ત્રો ઉતારવાં પડશે. સત્યનું સીધું દર્શન, એનો સીધો અનુભવ જ તમને તે ક્ષણે થઇ શકે. કેળવણીની પ્રક્રિયા આંખે ના દેખાય, અનુભવાય. કેળવણીની પ્રક્રિયા એક જણ બીજાને દેખાડી ના શકે...

8. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે પાંચ) 10

(a) ગુજરાતીમાં સ્વરો કેટલા અને કયા કયા ?

(b) ગાંધીજીની બે કૃતિઓના નામ આપો.

(c) 'દર્શક'ની બે નવલકથાનાં ના આપો.

(d) ગુજરાતમાં લોકસાહિત્ય ક્ષેત્રે કામ કરનાર કોઈ બે સંપાદકનાં નામ આપો.

(e) અનુગાંધી યુગના કોઈ બે કવિની એક એક કૃતિનાં નામ આપો.

(f) અનુગ અને કૃદંતની વ્યાખ્યા આપો.

9. જોડકાં જોડો 5

| I | | II | |
|---|---|---|---|
| (a) | હું – તું – તે કોઈ | (1) | કહેવત |
| (b) | દાળ–ઢોકળી | (2) | ક્રિયા |
| (c) | ધીરજનાં ફળ મીઠાં | (3) | સર્વનામ |
| (d) | કાંડાં કાપી આપવાં | (4) | સમાસ |
| (e) | બોલ–ચાલ–આવ | (5) | રૂઢિપ્રયોગ |

10. નીચેનામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપો 25

(a) 'વૈશ્ણવ જન તો' કાવ્યને આધારે આપણા સમાજમાં જોવા મળતા દુર્ગુણો અને તેના નિવારણ ઉપર નોંધ લખો.

(b) 'જય જય ગરવી ગુજરાત'માં પ્રગટ થતી ગુજરાતની લાક્ષણિકતાઓ જણાવો

(c) 'બત્રીસ પૂતળીની વેદના'માં સ્ત્રીઓની મનઃસ્થિતિ

(d) 'પોસ્ટ ઓફિસ' વાર્તામાં પોસ્ટમાસ્તર અલી ડોસા સંદર્ભે શું અનુભવે છે?

(e) 'બારણે ટકોરા' શીર્ષકની યથાર્થતા સમજાવો.

(f) 'ઘર' સાથે જોડાયેલી સ્મૃતિઓની યાદી બનાવો.